આઇ.ટી એક્શન પ્લાન હેઠળ આઇ.ટી. સંબંધિત ખરીદી માટે ગ્રાન્ટ Gujarat Informatics Ltd. (GIL) મારફતે GSFS ખાતે રાખી ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૧૫૫/બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૮/03/૨૦૨૨

**વંચાણે લીધા:**

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૧૩૫૧૦૫/બ, તા.૦૬/૦૪/૨૦૨૧.

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૧/૧૩૫૧૧૨/બ, તા.૦૭/૦૪/૨૦૨૧.

(3) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની તા.૨૨/03/૨૦૨૨ની સિંગલ ફાઇલથી મળેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના:**

વંચાણે લીધા ક્ર. (૧) અને (૨) પરના ઠરાવોથી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકની સંકલિત બાળ વિકાસ સેવા યોજનાની અનુક્રમે રૂ.૧૦૦ કરોડથી ઓછી અને રૂ.૧૦૦ કરોડથી વધુ રકમની ચાલુ બાબતોની વહિવટી મંજુરી આપવામાં આવેલ છે. વંચાણે લીધી ક્ર. (3) પરથી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા આઇ.ટી એક્શન પ્લાન હેઠળ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૮ (બયોમેટ્રીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર) અને ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨ (નેશનલ ન્યુટ્રીશન મિશન) હેઠળ આઇ.ટી. સંબંધિત ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ Gujarat Informatics Ltd. (GIL) માં જમા રાખી ખર્ચ કરવા દરખાસ્ત કરેલ.

Spatil

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે આઇ.ટી એક્શન પ્લાન હેઠળ સદર ૧૦૬-૨૨૩૬-૦૨-૮૦૦-૧૮ (બયોમેટ્રીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર) ની રૂ.૨૫૮.૦૦ લાખની અને ૧૦૬-૨૨૩૬-૦૨-૧૦૧-૦૨ (નેશનલ ન્યુટ્રીશન મિશન) ની રૂ.૨૫૫.૭૫ લાખની, એમ કુલ મળી રૂ.૫૧૩.૭૫ લાખની આઇ.ટી. સંબંધિત ખરીદી માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ Gujarat Informatics Ltd. (GIL) મારફતે GSFS ખાતે તા.30/0૯/૨૦૨૨ સુધી જમા રાખી ખર્ચ કરવા નીચેની શરતોને આધિન આથી મંજુરી આપવામાં આવે છે.

1. જમા રકમ અંગે તા.30/0૯/૨૦૨૨ સુધીમાં અચુકપણે ખર્ચ/ચુકવણું કરવાનું રહેશે.
2. જમા કરાવેલ રકમ GSFS ખાતે ડીપોઝીટ તરીકે મુકવાની રહેશે.
3. નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) એ ખાત્રી કરવાની રહેશે કે, GSFS માં પાર્ક કરેલી રકમ ઉપર મળેલ વ્યાજની રકમ રાજ્ય સરકાર ખાતે એટલે કે, બજેટ સદર ૦૦૪૯-૦૪-૮૦૦-૨૧ હેઠળ અચુકપણે જમા થાય.
4. સદર રકમ જે તે હેતુસર જ ઉપયોગમાં લેવાની રહેશે.
5. ખર્ચ/ચુકવણું કર્યા બાદ વધતી રકમ રાજ્ય સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૮-૦૩-૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સતિષ પટેલ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(આ.બા.), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ કચેરી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નાણા સલાહકરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર
- બજેટ શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સિલેક્ટ ફાઈલ.